ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*કહેવાતી'તી કસ્તૂરી એ, ગરીબોને રડાવે છે,*
*જથ્થો હોય છે છતાં વેપારીઓ ભાવ પડાવે છે,*
*દોડાવે છે સરકારને કમિશનના ચક્કરમાં -*
*નહીં જેવી બાબતને મીડિયા નભે ચડાવે છે...*

### હાઈકુ

*મારો થીગડાં,*
*ગરીબીનાં વસ્ત્રમાં -*
*તૂટે છે તેર...*

*અર્થતંત્રની,*
*આ ડૂબતી નાવમાં -*
*અનેક છિદ્રો...*

### ચિંતન

*અનુકૂલે વિધો દેયં યતઃ પૂરયિતા હરિઃ ।*
*પ્રતિકૂલે વિધો દયં યતઃ સર્વં હરિષ્યતિ ॥*

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નાવલીમાંથી લેવામાં આવેલ છે.

ભાગ્ય અનુકૂળ હોય ત્યારે દાન આપવું જોઈએ. કારણ કે ઈશ્વર બધું આપનાર છે. ભાગ્ય પ્રતિકૂળ હોય ત્યારે પણ દાન આપવું જોઈએ કારણ કે (પ્રતિકૂળ ભાગ્ય) બધું લઈ લે છે.

તમારી શક્તિ હોય ત્યારે તો દાન આપવું જ જોઈએ કારણ કે તમે ભાગ્યશાળી છો... પરંતુ ગરીબી હોય, દાન આપવાની શક્તિ ન હોય દુર્ભાગ્ય હોય તો પણ દાન આપી દેવું કે જો ભાગ્યમાં ન હોય તો કંઈ જ રહેવાનું નથી માટે 'દાન'માં બધું આપી દો !

### સુવિચાર

- જળનું બિંદુ તુચ્છ હોવા છતાં સાગરની નીચે છીપમાં પડતાં મોતી બની જાય છે, એ જ રીતે જે નિર્મલ-પદાર્થનો આધાર લે છે તે પોતે તુચ્છ હોવા છતાં કિમતી બની જાય છે - **સંસ્કૃત સુભાષિત**
- હરિફાઈ છે ત્યાં 'જ્ઞાન' થતું નથી - **દાદા ભગવાન**
- માયા એટલે પોતાના સ્વરુપની અજ્ઞાનતા - **આપ્તસૂત્ર**
- સમાજમાં વજન વધે તેનું મહત્ત્વ નથી પણ 'કેરેટ' ન ઘટવું જોઈએ, કેરેટ એટલે કેરેટટર - માણસનું ચરિત્ર - **મોરારિ બાપુ**
- માંગવામાં ના આવને ત્યાં સુધી સલાહ ના આપો - **જર્મન કહેવત**
- ક્રોધ, ઉશ્કેરાટ, ચીડ, ઈર્ષા એ બધા ઘવાયેલા અહમ્‌ના ધમપછાડા છે અને અશક્તિના ચિહ્ન છે - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : કાળા મરી દસ ગ્રામ સાથે વીસ ગ્રામ ખડી સાકર વાટીને તે ચૂર્ણ ચપટી સવાર-સાંજ મધ સાથે લેવાથી ઉધરસ મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સ્કૂલના વિદ્યાર્થીઓને માસ્તરે એક કવિતા પાકી કરીને લાવવાનું ઘરકામ સોંપ્યું. એક છોકરાને બીજે દિવસે તે કવિતા મોંઢે બોલવા કહ્યું. એ છોકરાએ હજી તો કવિતા પાઠ શરૂ કર્યો ત્યાં તો શિક્ષકે વિક્ષેપ પાડતાં કહ્યું, 'ના, એમ નહીં !!' પેલા વિદ્યાર્થીએ ફરીથી કવિતા બોલવાનું શરૂ કર્યું. માસ્ટર વળી પાછા તાડૂક્યા, પેલા છોકરાએ વારંવાર પ્રયાસ કર્યા પણ માસ્તર સતત નનૈયો જ ભણવા રહ્યા. છેવટે છોકરો હારી-થાકીને શરમિંદો થઈને બેસી ગયો. માસ્તરે બીજા છોકરાને ઊભો કર્યો. એણે પણ કવિતા પાઠ શરૂ કર્યો ત્યાં માસ્તરે વિક્ષેપ પાડવાનો પ્રયત્ન કર્યો. જો કે પેલા છોકરાએ અ વિક્ષેપની પરવા કર્યા કવિતા બોલવાનું ચાલુ રાખ્યું. અને સારી રીતે તેણે કવિતા આત્મવિશ્વાસ સાથે પૂરી કરી ને બેઠા. માસ્તરે એને શાબાસી આપી એટલે પહેલા છોકરાએ ફરિયાદ કરી કે એને પણ એ કવિતા મોઢે જ હતી. માસ્તરે કહ્યું, 'તમારો પાઠ પૂરો પાકો કરી લો તે પૂરતું નથી, એ માટે તમને ખાતરી પણ હોવી જોઈએ. તું કવિતા બોલતો હતો ત્યારે મેં જાણી જોઈને વિક્ષેપ પાડ્યો અને તું અટકી ગયો એનો અર્થ એ થયો કે તને તારા કવિતા પાકી કરવાની ક્ષમતામાં વિશ્વાસ નહોતો.' સાર એ કે વાતવાતમાં તમને ના સાંભળવા મળે ત્યારે કદાચ આત્મવિશ્વાસ ડગવા લાગે. અને છેવટે તમે મેદાન છોડીને ભાગી જાઓ છે. જો તમને તમારી જાત પર, તમારી ક્ષમતા પર સંપૂર્ણ શ્રદ્ધા છે તો તમારી જીત પાકી છે.

# પરીક્ષા ગેરરીતિ મામલો : વટે ચડેલો વિવાદ

**તંત્રીસ્થાનેથી...**

સાપે છછૂંદર ગળ્યા જેવું થયું છે. બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષામાં ગેરરીતિ મામલે વિરોધ પ્રદર્શન આટલું મોટું સ્વરૂપ લઈ લેશે એવો ખ્યાલ ના તો સરકારને હતો કે ના તો ગાંધીનગર પોલીસને. પણ હવે બેયની હાલત માઠી થઈ છે.

ગામના પાદરમાં જેમ ચાર વડીલો તાપણું કરતાં બેઠાં હોય ને એમાં આવતાં-જતાં લોકોય હાથ શેકતાં જાય ને સાથે ગોષ્ઠી કરવા બેસતાં જાય એવોય ઘાટ ઘડાયો છે. વિદ્યાર્થીઓએ ગાંધીનગરમાં બે દિવસથી અડીંગો જમાવી દીધો છે ને હવે એમનો સાથ આપવા ને એમની 'મદદ કરવા' રાજકીય પક્ષો, લોકનેતાઓ કે લોકનેતા બનવા માગતા મહાનુભાવો પણ આવવા લાગ્યા છે. ગાંધીનગરમાં ગુરુવારનો દિવસ આવા જ લોકોથી સભર ગયો.

પોલીસે યુવાનોને દોડાવી દોડાવીને માર્યા ત્યારે દંડા ખાવા ભલે કોઈ ન આવ્યું હોય પરંતુ હવે અનેક પ્રકારના લોકો, પક્ષો એમને સાથ આપવા દોડી આવ્યા છે.

પોલીસે બુધવારે મીડિયા સાથે બેહુદૂં વર્તન કર્યું હોય કે પછી ખરેખર વિદ્યાર્થીઓની વાતમાં દમ લાગતો હોય એમ મીડિયાનેય આખા મામલામાં મજા પડી ગઈ છે ને ગુરુવાર સવારથી તો હવે રાજ્યભરનું મીડિયા પણ ગાંધીનગરમાં ઉમટી પડ્યું છે. વળી, સોશિયલ મીડિયાનું જોર પણ એટલું જ સબળું સાબિત થયું છે. એ કારણે હવે 'ટૉક ઑફ ધી ટાઉન' મુદ્દો વિદ્યાર્થીઓનું આ આંદોલન બની ગયું છે.

બુધવારે સરકારે મક્કમ થઈને કહી તો દીધું કે 'પરીક્ષા કેન્સલ તો નહીં જ કરાય', પણ હવે આ નિવેદન ઉપરેય વિચાર કરવો પડે એવી સ્થિતિ ઊભી થઈ છે. કારણ કે વિદ્યાર્થીઓના વિરોધની આ આગમાં લાકડાં ઉમેરનારાં સતત વધી રહ્યાં છે.

સરકારે ગેરરીતિ અંગે તપાસની હૈયાધારણ આપી છે, પરંતુ દેખાવો કરનારા પરીક્ષા રદ કરવાની માંગ લઈને અડી ગયા છે. વાતમાં રાજકીય રંગ છે એવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કારણ કે વિરોધ કરનારાઓમાં પરીક્ષા આપનારા ઓછા ને એ સિવાયના યુવાનો વધુ દેખાઈ રહ્યા છે. જો કે પરીક્ષા આપનારા એમાં છે જ, એટલે એમનો વિરોધ ખોટો છે એવું તો માની શકાય એવું નથી. વળી, પરીક્ષામાં ગેરરીતિ થયાની બૂમરાણ તો પરીક્ષા લેવાઈ એ દિવસે જ મચી હતી, એ અંગેના વિડીયો ને સંદેશાઓ પણ સોશિયલ મીડિયામાં ને બીજા દિવસે મીડિયામાં વહેતા થયા હતા. પરંતુ, તેમ છતાં આ અંગે સરકારે કોઈ ઠોસ પગલું ન ભરતાં હવે તેને આ સ્થિતિનો સામનો કરવાનો આવ્યો છે.

સરકારને કોઈ મુદ્દે ઘેરવા માટે રાહ જોઈને બેઠેલા વિરોધ પક્ષો માટે આ મુદ્દો બહુ મહત્ત્વનો છે અને મુદ્દામાં દેખીતું વજૂદ હોય કે ન હોય પણ હવે મુદ્દો જુવાળમાં આવી ગયો છે ને સરકારની પ્રાથમિકતા હવે જુવાળને શાંત કરવાની હોવી જોઈએ એ રાજનીતિ સરકારે સમજી લેવાનો સમય આવી ગયો છે.

પરીક્ષા રદ ભલે ન કરવામાં આવે, પરંતુ જ્યાં સુધી તપાસનો નિર્ણય ન આવે ત્યાં સુધી સ્થગિત ગણાશે એવો વચલો રસ્તો કાઢીનેય આ વિરોધ પ્રદર્શનને ખત્મ કરવાનો રસ્તો સરકારે અખત્યાર કરવો જોઈએ. નહીંતર હજુ આ વિરોધ ઘેરો બનશે એમાં કોઈ શંકા નથી. અલબત્ત, આ દેખાવોને તોડવા માટે અનેક પ્રકારના પ્રયત્નો થશે એમાંય કોઈ શંકા નથી પણ આ વાત બેય પક્ષે હવે વટે ચડી ગઈ છે, એનો સમાધાનકારી રસ્તો અપનાવવો જ રહ્યો.

# પ્રજ્ઞાચક્ષુ કવિ શ્રીપાલ




## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

અણહિલપુર પાટણમાં સિદ્ધરાજ જયસિંહ (ઈ.સ. ૧૦૯૪-૧૧૪૪)નું શાસન હતું. એમનાં રાજયાશ્રમમાં શ્રીપાલ હતા.

શ્રીપાલી પોરવાડ (પ્રાગ્વાટ) વંશના શ્વેતામ્બર જૈન હતા. એમના પિતાનું નામ લક્ષ્મણ હતું. જન્મથી એ બંને આંખે અંધ હતા. સિદ્ધરાજના એ બાળપણના મિત્ર હતા. મહારાજે એમને 'ભાઈ' કહીને જ બોલાવે. સિદ્ધરાજ સાહિત્ય વગેરે કલાઓમાં રુચિ ધરાવે છે. શ્રીપાલ ઉત્તમ કવિ હતા. સિદ્ધરાજ એમને 'કવીન્દ્ર' કહીને બોલાવે.





પોતાના સમયમાં શ્રીપાલ સારસ્વતચક્ષુ, મહાકવિ, કવીશ્વર, કવિકુંજર, કવિરાજ, કવિચક્રવર્તી તરીકે જાણીતા હતા. છ ભાષાઓમાં તે કાવ્યસર્જન કરતા. એટલે ષડ્ ભાષા ચક્રવર્તી હતા. તીવ્ર બુદ્ધિપ્રતિભા, કૃતજ્ઞતા, ક્ષમા, વાણી પ્રભુત્વ - આ બધા એના ગુણો હતા.

સિદ્ધરાજની સભામાં એક શ્રેષ્ઠ વિવાદ થયો. શ્વેતામ્બર આચાર્ય દેવસૂરિ એમની સભામાં હતા. ઈ. ૧૧૨૫માં આ આચાર્યએ દિગમ્બર જૈન આચાર્ય કુમુદચંદ્રને પરાજિત કર્યા. શ્રીપાલે આમાં મહત્ત્વનો ભાગ ભજવેલો.

પોતાના સમયના કવિઓ એમની પાસે પોતાના કાવ્યો બતાડવા આવે. શ્રીપાલ એમને સુધારી આપે. ઈ.સ. ૧૧૨૪માં આચાર્ય હેમચંદ્રસૂરિના નાભેયનેમિકાવ્યનું એમણે નવસંસ્કરણ કરી આપ્યું.

સિદ્ધરાજની પછી કુમારપાળ ગાદીએ બેઠા. શ્રીપાલ એમના સભાકવિ પણ બની રહ્યા. કુમારપાળે સંઘમતિ થઈને શત્રુંજય વગેરે જૈન તીર્થોની યાત્રા કરી. શ્રીપાલ એમની સાથે હતા. યાત્રા દરમિયાન સંઘને તેઓ ધાર્મિક વ્યાખ્યાનો આપતા.

શ્રીપાલની કેટલીક નોંધપાત્ર રચનાઓ આ પ્રમાણે છે :

(૧) સહસ્રલિંગ સર : પ્રશસ્તિ - ઈ. ૧૧૪૦માં સિદ્ધરાજે સહસ્રલિંગ સરોવરનું પુનર્નિર્માણ કર્યું. શ્રીપાલે ૧૦૮ શ્લોકમાં પ્રશસ્તિ કાવ્ય રચ્યું. સરોવર પાસે કીર્તિસ્તંભ છે. એના ઉપર આ કાવ્ય કોતરાવેલું છે.

(૨) વડનગર પ્રાકાર પ્રશસ્તિ : કુમારપાળે ઈ. ૧૧૫૨માં વડનગર ફરતા કોટ બંધાવ્યા હતા. શ્રીપાલે એની પ્રશસ્તિ લખી હતી. આ કાવ્ય અર્જુનબારીને દરવાજે કોતરાવી હતી. પ્રશસ્તિમાં ૩૦ શ્લોક છે.

(૩) સિદ્ધરાજે પાટણથી વાયવ્ય દિશામાં સત્તર માઈલ દૂર ઈ.સ. ૧૧૪૨માં રુદ્રમહાલયને ભવ્યરૂપ આપ્યું. શ્રીપાલે આની પ્રશસ્તિ રચના કરી. મહાલયની દિવાલે એને સિદ્ધરાજે કોતરાવી.

(૪) વૈરોચનપરાજય : વિરોચનના પુત્ર રાજા બલિ હતા. ભગવાન વિષ્ણુએ એનો પરાજય કર્યો. આના વિષયે શ્રીપાલે મહાકાવ્ય રચ્યું. આ કાવ્ય એમણે માત્ર એક જ દિવસમાં રચ્યું.

(૫) ચતુર્વિંશતિ જિન સ્તુતિ : શ્રીપાલે આમાં ૨૪ તીર્થંકરોની સ્તુતિ આપી છે. ૨૯ શ્લોકનું અલંકારોથી શોભતું આ સુંદર સ્તુતિ કાવ્ય છે.

(૬) ઋતુકાવ્ય - મહાકવિ કાલિદાસે 'ઋતુસંહાર' કાવ્ય રચ્યું હતું. એમાં છ ઋતુઓનું કાવ્યાત્મક વર્ણન ધરાવતું કાવ્ય રચ્યું છે.

(૭) ૧૩ શ્લોકનાં એક કાવ્યમાં સિદ્ધરાજની પંડિતસભા વર્ણવી છે.

ત્રીજી ડિસેમ્બર વિશ્વ દિવ્યાંગ (વિકલાંગ) દિન છે. ત્યારે ગુજરાતના પોતાના ઉત્તમ પ્રજ્ઞાચક્ષુ કવિ શ્રીપાલને આદરપૂર્વકની શ્રદ્ધાંજલિ.

# ગુજરાતનો સૌથી મોટો પાવર પ્લાન્ટ કયાં આવેલ છે?



## ખજાનો

અનિલ પટેલ

### પર્યાવરણ

૧ રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ કયારે ઉજવાય છે ?
(અ) ૩જી મે (બ) ૧૪ ડિસેમ્બર
(ક) ૨૦ ઓગસ્ટ (ડ) ૩૦ ડિસેમ્બર

૨ વિજળીના સાધનોની કાર્યક્ષમતાનું પ્રમાણીકરણ કઈ સંસ્થા કરે છે ?
(અ) બીઈઈ (બ) ડીએનઈએસ
(ક) જેડા (ડ) કલાયમેટ ચેન્જ વિભાગ

૩ નીચેનામાંથી કયા પાવર પ્લાન્ટમાંથી સીધી વીજળી મળે છે ?
(અ) થર્મલ પાવર પ્લાન્ટ (બ) હાઈડ્રો પાવર પ્લાન્ટ
(ક) ન્યૂક્લિયર પાવર પ્લાન્ટ (ડ) સોલાર પાવર પ્લાન્ટ

૪ વિજળી બનાવવા વપરાતા કોલસામાંથી નીચેનામાંથી કયો કોલસો ખનીજ કોલસો નથી ?
(અ) ચારકોલ (બ) એન્થ્રેસાઈટ
(ક) બ્યુટીમાઈટસ (ડ) લીગ્નાઈટ

૫ ૧ કિલો ગ્રામ કોલસાના દહનથી આશરે કેટલો ગ્રામ કાર્બન ડાયોકસાઈટ હવામાં જાય છે ?
(અ) ૧૬૦ ગ્રામ (બ) ૧૮૦ ગ્રામ
(ક) ૨૩૦ ગ્રામ (ડ) ૩૦૦ ગ્રામ

૬ ન્યુકલીયર પાવર પ્લાન્ટમાં બળતણ તરીકે શાનો ઉપયોગ થાય છે ?
(અ) રેડિયમ (બ) યુરેનિયમ/થોરિયમ
(ક) કુદરતી ગેસ (ડ) પ્લાઝમા

૭ ગ્લોબલ વાર્મિંગ માટે સૌથી વધારે કયો વાયુ જવાબદાર છે ?
(અ) નાઈટ્રોજન (બ) કાર્બન ડાયોકસાઈડ
(ક) આર્ગોન (ડ) હિલિયમ

૮ ૧૯૧૧માં કયા દેશમાં સૌપ્રથમ જીઓ થર્મલ એનર્જી સંચાલિત પાવર પ્લાન્ટ બન્યો હતો ?
(અ) ઈટાલી (બ) ડેનમાર્ક
(ક) ઈંગ્લેન્ડ (ડ) પોલેન્ડ

૯ ઓઝોન સ્તરના રક્ષણ માટેના કરાર કયા શહેરમાં થયા હતા ?
(અ) જીનિવા (બ) મોસ્કો
(ક) મોન્ટ્રિઅલ (ડ) પેરીસ

૧૦ ચિપકો આંદોલનનો મુખ્ય ઉદ્દેશ્ય શું હતો ?
(અ) ઊર્જા બચાવો (બ) વૃક્ષો બચાવો
(ક) પાણી બચાવો (ડ) સમુદ્રી જીવો બચાવો

૧૧ ગુજરાતનો સૌથી મોટો પાવર પ્લાન્ટ કયાં આવેલ છે ?
(અ) વડોદરા (બ) મુન્દ્રા
(ક) રાયસણ (ડ) ચારણકા

૧૨ નીચેનામાંથી કયો બલ્બ ઓછી વિજળી વાપરે છે ?
(અ) સાદો બલ્બ (બ) સીએફએલ
(ક) સોડિયમ લેમ્પ (ડ) એલઈડી લેમ્પ

૧૩ 'ડીફોસ્ટ' શબ્દ કયા સાધન સાથે સંબંધિત છે ?
(અ) કુલર (બ) રેફ્રિજરેટર
(ક) એસી (ડ) માઈક્રોવેવ

૧૪ 'હોર્સ પાવર' શબ્દ શા માટે વપરાય છે ?
(અ) શક્તિના એકમ તરીકે (બ) વિજળીના દબાવ તરીકે
(ક) વજનના એકમ તરીકે (ડ) પાણીનો જથ્થો માપવા

૧૫ તાજેતરમાં કયા શહેરમાં આવેલ થર્મલ પાવર સ્ટેશનના કુલીંગ ટાવર 'ટાઈમ બ્લાસ્ટ'થી ડીમોલીશ કરાયા ?
(અ) ધુવારણ (બ) તારાપુર
(ક) ગાંધીનગર (ડ) અમદાવાદ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૬ ડિસેમ્બર : હોમગાર્ડ સ્થાપના દિવસ/નાગરિક સુરક્ષા દિન**
  - ભારતીય તત્ત્વજ્ઞાનના યુરોપીયન અભ્યાસુ મેક્સ મુલરનોજન્મ (૧૮૨૩)
  - ફિલ્મ ઉદ્યોગપતિ શેખર કપૂરનો જન્મદિવસ (૧૯૪૫)
  - બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરની પુણ્યતિથિ (૧૯૫૬)
  - અયોધ્યામાં બાબરી મસ્જિદનો ધ્વંશ કરાયો (૧૯૯૨)
- **૭ ડિસેમ્બર : સશસ્ત્ર સેના ઝંડા દિવસ**
  - સમાજ સુધારક અને છપ્પનીયા દુષ્કાળમાં લોકસેવાની ભેખ ધારણ કરેલ વિદ્યાગૌરી નીલકંઠની પુણ્યતિથિ (૧૯૫૮)
  - અમદાવાદની સાંસ્કૃતિક પરંપરાના મશાલચી ભોગીલાલ 'લાલાકાકા' નો જન્મદિવસ (૧૮૭૭)
  - ભારતે સંદેશા વ્યવહાર ઉપગ્રહ ઈન્સેટ-૨સીનું પ્રક્ષેપણ કર્યું. (૧૯૯૫)
  - મૈસુરના શાસક હૈદર અલીનું નિધન (૧૭૮૨)
- **૮ ડિસેમ્બર :**
  - સ્વાતંત્ર્ય સેનાની નાના સાહેબ પેશ્વાનો જન્મદિવસ (૧૮૨૪)
  - તત્ત્વજ્ઞાની પંડિત સુખલાલજીનો જન્મદિવસ (૧૮૮૦)
  - દેશભક્ત ચક્રવર્તી રાજગોપાલાચારીની જન્મજયંતિ (૧૮૭૬)
  - ઈન્દુલાલ ગાંધીની જન્મજયંતિ (૧૯૧૧)
- **૯ ડિસેમ્બર :**
  - ભારતીય નૃત્યકલાના સુપ્રસિદ્ધ કલાકાર ઉદયશંકર પંડિતનો જન્મ (૧૯૦૦)
  - પ્રથમ મહિલા પત્રકાર હોમાયજી વ્યારાવાલાનો જન્મદિવસ (૧૯૧૬)
  - ૧૮૫૭ના સૈનિક વિદ્રોહના હીરો રામતુલા રામનો જન્મ (૧૮૨૫)
  - કલાગુરુ રવિશંકર રાવળની પુણ્યતિથિ (૧૯૭૭)
- **૧૦ ડિસેમ્બર : વિશ્વ માનવ અધિકાર દિન**
  - આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત પુરાતત્ત્વવિદ હસમુખ સાંકળીયાનો જન્મદિવસ (૧૯૦૮)
  - ડૉ. સુમંત મહેતાની પુણ્યતિથિ (૧૯૬૮)
  - અમેરિકાના એમીલીડિકશનનો જન્મદિવસ (૧૮૩૦)
  - નોબેલ પ્રાઈઝના સ્થાપક અને વૈજ્ઞાનિક ડૉ. આલ્ફ્રેડ નોબેલનો જન્મદિવસ (૧૮૩૩) (૧૮૮૩)
- **૧૧ ડિસેમ્બર : યુનીસેફ દિવસ**
  - ઈન્ડિયાના અમેરિકાનું ૧૯મું રાજય બન્યું (૧૮૧૬)
  - શ્યાવક્ષ ચાવડાનો જન્મદિવસ (૧૯૧૪)
  - ભારતના ૧૩મા રાષ્ટ્રપતિ પ્રણવદાનો જન્મદિવસ (૧૯૩૫)
  - હિન્દી સાહિત્યના પ્રસિદ્ધ સાહિત્યકાર મૈથીલીશરણ ગુપ્તનો જન્મદિવસ (૧૮૮૬)
- **૧૨ ડિસેમ્બર :**
  - ટૂંકી વાર્તાના સર્જક ગૌરીશંકર જોષી 'ધૂમકેતુ'નો જન્મદિવસ (૧૮૯૨)
  - ધાર્મિક ગ્રંથોનું ઉમદા સંપાદન કરનાર પ્રથમ પંક્તિના પંડિત ડૉ. શ્રીપાદ કૃષ્ણ બેવલકરનો જન્મદિવસ (૧૮૮૦)
  - મુલ્કરાજ આનંદનો જન્મદિવસ (૧૯૦૫)
  - બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાયની નવલકથા 'આનંદમઠ'નું પ્રકાશન થયું (૧૮૮૨)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**મહારાષ્ટ્રની રાજનીતિમાં તાજેતરમાં એન.સી.પી.ના કયા નેતાએ નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લઈ પછી રાજીનામું આપ્યું ? જવાબ : અજીત પવાર**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૪) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬ (૫) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૬) શિવાંગ બી પટેલ : સરગાસણ (૭) રૂચિત કે. પટેલ : ધોળેશ્વર પાસે (૮) ડૉ. બાદર કુરેશી - ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજા

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**કયા સંસદની ગાંધીજી વિરુદ્ધ ટિપ્પણી કરવા બદલ મહત્ત્વના સ્થાનો પરથી હકાલપટ્ટી કરવામાં આવી ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# આજનાં લગન સામે કાકાને છે શું વાંધો?



## હળવે હૈયે

પ્રકાશ લાલા

'આ લગન તો મને જરાય ગમતાં નથી!'

'બધા પરણ્યા પછી જ એવું કહેતા હોય છે... આ તમેય કહો છો, અંકલ... તો ય તમે પરણ્યા જ ને ?'

'અરે, એવી વાત નથી, પનુભાઈ...' લાલાકાકા અકળાઈ ઊઠ્યા...

'તો કેવી વાત છે, હેં અંકલ ? તમે જ કહો છો કે લગન તમને નથી ગમતાં... ને તમારા કિસ્સામાં તો લગન પછી ન ગમવાની ફરિયાદ કાકી કરે એ જરા વાજબી પણ લાગે !' અમે રેડઅંકલને રેડ-યલો-રાતા-પીળા-કરવા ચલાવ્યું ને તેથી અકળાઈને ઉકળી ઊઠેલા લાલાકાકા ઊંચા અવાજે તાડૂક્યા : 'અલ્યા ભઈ, મારી વાત પૂરી સાંભળો ને સમજો... એમને એમ શું મચી પડો છો ...'

'હેં ? અમે કંઈ બાફ્યું, અંકલ ?' અમે ભોળાભાવે પૂછ્યું...

'હાસ્તો... લગન મને નથી ગમતાં એટલે કે આજકાલ લગ્ન પ્રસંગો જે રીતે ઊજવાય છે ને એ રીતે લગન નથી ગમતાં...'

'હં.... હં.... સોરી અંકલ...' અમે રેડઅંકલને શાંત કરવા કહ્યું ને પછી પૂછ્યું : 'પણ કાકા, તમને આજકાલનાં લગ્ન પ્રસંગો કેમ પસંદ નથી ?' હા, સમય પ્રમાણે હવે ચાંલ્લા મોટી રકમના કરવા પડે છે એટલે ને ?

'હા... એ એક કારણ ખરું, પનુભાઈ !' કંજુસ ને કરકસરિયા લાલાકાકાએ કબૂલ કરતા કહ્યું : 'પહેલાં તો અગિયાર, એકવીસથી પતી જતું હવે તો એકસો એકાવનને બસો એકાવન તો ઓછામાં ઓછો ચાંલ્લો કરવો પડે છે... અપર લિમિટની તો વાત જ ના પૂછો....' અંકલે નિસાસો નાખતા સ્વરે પૂરું કર્યું.

'અંકલ, મોંઘવારી વધે એમ એમાંય વધારો કરવો જ પડે ને.... હવે જમવાની ડીશ કેટલી મોંઘી હોય છે...'

'એ તો સમજું છું પણ લગન નહીં ગમવાના બીજાં અનેક કારણો છે, હોં !'

'કયાં કયાં ?'

'સાંભળો... લગન માટે કેટલી હોંશથી બ્રાહ્મણ-ગોર મહારાજ પાસે લગનનાં મૂહૂર્ત કઢાવાય છે... કંકોત્રીમાં હોંશથી છપાવાય છે કે જાન આગમનનો સમય આટલા કલાક આટલી મિનિટે, હસ્તમેળાપનો ટાઈમ આટલા કલાકે ને આટલી મિનિટે...'

'હા શુભ મુહૂર્તો તો હોય જ ને...'

'પણ પહેલાં એ સમય સચવાતો.... હવે તો જાન આગમન લખેલા સમય પછી કલાકે પહોંચો તોય કદાચ જાન આવી જ ના હોય એવું બને !! નાચવા -કૂદવામાં મૂર્હૂત ભૂલાઈ જાય છે ને પછી એવું જ હસ્તમેળાપના સમયમાં પણ... જાન મોડી પડે એચટલે પાછળ બધું લેટ.. લેટ... થાય જ ને...'

'તે એમાં અંકલ, આપણે શું ચિંતા ? પરણનાર બંને જણાં અને એમનાં મા-બાપ રાજી તો કયા કરે ગોરજી...?' અમે જણાવ્યું...

'એ તો છે જ ને... પણ પનુભાઈ, મૂહૂર્ત સાચવવા તો જોઈએ ને ! ને બીજી વાત, વરરાજાને પોંખવા સમયે કન્યા હાર પહેરાવે છે ત્યારે વરપક્ષવાળા વરરાજાને ઊચકીને ઊંચે લઈ જાય એટલે પેલી બિચારી હાર ન પહેરાવી શકે ને પછી વરરાજા હાર પહેરાવવા જાય ત્યારે કન્યાપક્ષવાળા ય 'હમ ભી કુછ કમ નહીં' કહીને કન્યાને ઊંચકી લે એટલે વરરાજા એને હાર ન પહેરાવી શકે... આવી ચડસા ચડસી ચાલે છે !'

'એ તો એક જાતની રમત... મજા...'

'શું ધૂળ મજા ? અત્યારથી આવી ચડસા ચડસી ને એકબીજાને નમતું નહીં જોખવાનું શરૂ કરે તો પછી પરણ્યા બાદ જીવન સંસારમાં 'લેટ ગો' કરવાને બદલે આવું જ ચાલે, રોજ ઝઘડા થાય જ ને!! લગ્ન જીવનમાં તો પતિ-પત્ની એકબીજાને નમતું જોખતાં શીખે તો જ સંસાર શાંતિની નભે.

'બરાબર છે... રિસેપ્શનમાં પણ જુઓને....'

'હા... ટાઈમ સાતથી આપના આગમન સુધી એમ સરસ શબ્દોમાં છાપ્યું હોય પણ આઠ વાગ્યા સુધી વરઘોડિયાનો પત્તો જ ના હોય... આના કરતાં રીસેપ્શનના ઈન્વીટેશન કાર્ડમાં લખવું જોઈએ : 'સમય વરઘોડિયાનાં આગમન પછી આપના આગમન સુધી...' ને પાછું થાય શું કે જયાં સુધી વરઘોડિયા સ્ટેજ પર ના આવે ત્યાં સુધી જમવાનું શરૂ ન થાય એટલે...

'ઓહ... હવે આખી વાત સમજાઈ, અંકલ, કે જમવામાં મોડું થાય છે એટલે તમને લગન ગમતાં નથી, બરાબર ને?' અમે પાછું લાલાકાકાને ચીડવવા કહ્યું.

'એ ય સાચી જ વાત છે ને... કયાં સુધી જમવાની રાહ જઈને બેસી રહેવાનું ? ને એમાં પણ આજકાલ તો લગ્નોમાં જમણવારમાં પાછી 'બફાટ' પ્રથા આવી છે...

'બફાટ ?' અરે 'બુફે' કહેવાય..'

'બુફે કહેવાય પણ આપણે ત્યાં એ 'બફાટ' જેવું જ થઈ જાય છે ને... પહેલાંની પાટલા પગંતમાં નિરાંતે બેસીને, પીરસનારા આગ્રહ કરીને જમાડે એ ભવ્ય ભૂતકાળ થઈ ગયો... હવે તો હાથમાં ડીશ લઈને ટેબલે ટેબલે લાઈનમાં ફરવાનું - ડીશ ભરવા...!' ખાલી 'આલજો મા-બાપ' કહેવાનું જ બાકી રહે !! એમાં ઘૂસણખોરી, દાદાગીરી ચાલે... એટલે ઢીલોપોચાનો તો વારો જ ન આવે...' અંકલે બળાપો કાઢ્યો...

'હોય એ તો.... જમાના પ્રમાણે બધું રહેવાનું જ...' અમે આશ્વાસન આપ્યું...

અનુસંધાન પાના નં ૭ પર